જાનં -૧૩૨/૧૭-૧૮

# ગૂજરાત વિદ્યાપીઠ : અમદાવાદ

## પરિપત્ર

ગૂજરાત વિદ્યાપીઠના અમદાવાદ, સાદરા તથા રાંધેજા પરિસરના સૌ સેવકો તથા વિદ્યાર્થીઓને જણાવવાનું કે તા. ૧૩-૦૬-૨૦૧૭ના રોજ મળેલ આરોગ્ય સમિતિની વાર્ષિક બેઠકમાં નક્કી થયા પ્રમાણે ગૂજરાત વિદ્યાપીઠ અમદાવાદ, સાદરા તથા રાંધેજાના ચાલતા આરોગ્ય કેન્દ્રમાં તા. ૦૧-૦૭-૨૦૧૭થી નીચે પ્રમાણેની વ્યવસ્થા કરવામાં આવી છે :

૧. વિદ્યાર્થીઓ તેમજ સેવકો પાસેથી કેસ ફી રૂ. ૧૦/- (ત્રણ મહિના સુધી માન્ય રહેશે). ત્રણ માસ પછી ફરીથી નવો કેસ કઢાવવાનો રહેશે.

૨. મેડિકલ AMA નિયમ (પાના નં. ૨૬) મુજબ ઈમરજન્સી માટે રૂ. ૫૦/-નો દર ચૂકવવાનો થાય છે, પરંતુ તબીબી અધિકારીને જરૂરી જણાતી ઈમરજન્સી માટે કોઈ ચાર્જ ચૂકવવાનો નથી. જરૂરી જણાતી ઈમરજન્સી સિવાય અન્ય સાદા રોગો જેવા કે તાવ, માથું દૂખવું, પેટમાં દુખવું, ઉલટી (રાત્રિ સારવાર) માટે રૂ. ૫૦/- ચાર્જ ચૂકવવાનો થશે.

૩. વિદ્યાપીઠમાં બહારની સંસ્થા દ્વારા થતા કાર્યક્રમમાં બીમાર પડતા દર્દીઓને નિયત કરેલ રૂ. ૫૦/- કન્સલ્ટીંગ ફી તરીકે ચાર્જ ચૂકવવાનો રહેશે.

૪. નિયમ મુજબ કુટુંબની વ્યાખ્યામાં ના આવતા સેવકોના સગાની સારવાર માટે રૂ. ૨૦૦/- કન્સલ્ટીંગ ફી ચૂકવવાની રહેશે તથા અન્ય સારવારખર્ચ જરૂરિયાત મુજબ ચૂકવવાનો રહેશે.

૫. બહારના ડૉક્ટરની સારવાર લીધા બાદ તેના પ્રિસ્ક્રીપ્શન સંસ્થાના ડૉક્ટર લખી આપશે નહીં.

૬. બેઠકમાં થયેલ ચર્ચા તેમજ મેડિકલ AMA નિયમ મુજબ નીચેના સંજોગોમાં જ વિદ્યાપીઠના ડૉક્ટરો મેડિકલ પ્રમાણપત્ર આપશે :

૬.૧ સંસ્થાના ડૉક્ટરોને જરૂરી જણાય તેવા સંજોગોમાં જ આખા દિવસની રજાનું પ્રમાણપત્ર આપશે. માત્ર અડધા દિવસની રજા કે ઉપાસનાની ગેરહાજરી કે વ્યાયામમાં સેશનની રજા તેમજ આરામનું પ્રમાણપત્ર મળશે નહીં. આવી ગેરહાજરીમાં ગૃહપતિ/ગૃહમાતા, વિભાગીય અધ્યક્ષશ્રી, ડીનશ્રી અથવા જે તે શિક્ષકને જાણ કરવાની રહેશે અને તે રજા મળવાપાત્ર રજા નહીં ગણાય.

૬.૨ ડૉક્ટરો દ્વારા માંદગીના પ્રમાણપત્રની માત્ર એક જ નકલ આપવામાં આવશે.

૬.3 બહારથી લાવેલ સર્ટિફિકેટમાં જો વિદ્યાપીઠના ડૉક્ટરોએ બહારના ડૉક્ટર પાસે મોકલેલ હશે તો જ પ્રમાણિત કરી આપવામાં આવશે. અન્યથા બહારથી લાવેલ પ્રમાણપત્ર બાબતે ગૃહપતિ/ગૃહમાતા તથા ડીનશ્રીએ નિર્ણય લેવાનો રહેશે. ફોન પર ડૉક્ટરોને કરેલ જાણ માન્ય

ગણાશે નહીં. પ્રમાણપત્રમાં કોઈ મૂંઝવણ જણાય તો વિદ્યાપીઠના ડૉક્ટરોની સલાહ લઈ શકાય.

૬.૪ બહારના ડૉક્ટરોને બતાવવાની રજા સંસ્થાના તબીબો પાસે માગવી નહીં અથવા તે માટે માંદગીની રજા મળશે નહીં.

૬.૫ માંદગીની રજા ગૃહપતિ/ગૃહમાતા કે ડીનશ્રીને જાણ કર્યા વગર પાડવામાં આવી હશે તો માન્ય ગણાશે નહીં.

**૭. આરોગ્ય કેન્દ્ર અંગેના સામાન્ય નિયમો :**

૭.૧ દરેક આરોગ્ય કેન્દ્રમાં ફક્ત પ્રાથમિક સારવાર ઉપલબ્ધ રહેશે. વધુ ઈન્ડોર સારવારમાટે નજીકનાં દવાખાનામાં દાખલ થવાનું રહેશે.

૭.૨ સંસ્થાએ નક્કી કરેલ સમય પ્રમાણે સવાર-સાંજ ઓપીડી સમય દરમ્યાન દર્દીએ સારવાર લેવાની રહેશે.

૭.3 રાત્રિ સારવારમાં ઇન્જેક્શન સુધી સારવાર આપી શકાશે.

૭.૪ રાત્રે Pints (બોટલ) ચઢાવી આપવામાં આવશે નહીં. દર્દીને પોતાને તેની જરૂરિયાત જણાય તો નજીકના દવાખાનામાં દાખલ થવાનું રહેશે.

૭.૫ રાત્રે ઇમરજન્સી સારવાર લેવા આવતા વિદ્યાર્થીઓએ સીધો તબીબી અધિકારીનો સંપર્ક કરવો નહીં. ગૃહમાતા/ગૃહપતિ દ્વારા જાણ કર્યા બાદ સારવાર માટે આવવું. આ માટે જે તે આરોગ્ય કેન્દ્ર ખાતે આવવાનું રહેશે.

૭.૬ વધુ ઈમરજન્સીના કિસ્સામાં ૧૦૮ની મદદ લેવી.

શિબિર, પદયાત્રા તેમજ પ્રવાસમાં જતા વિદ્યાર્થી/સેવકો માટે કોઈ પણ પ્રકારની દવાની કીટ આપવામાં આવશે નહીં.

આ માટે સંસ્થાના તબીબી અધિકારી દ્વારા ઉપયોગી દવાઓનું પ્રિસ્ક્રીપ્શન આપવામાં આવશે. જેના આધારે દવાઓ પોતાની રીતે મેળવવા વિનંતી.

શારીરિક શિક્ષણમાં એડમિશન માટે તબીબી પ્રમાણપત્ર ફોર્મ ભરતી વખતે ફરજિયાત રજૂ કરવું. વિદ્યાર્થી શારીરિક રીતે અનફીટ હશે તો તેઓનો પ્રવેશ રદ કરવો.

(રાજેન્દ્ર ખીમાણી)
કુલસચિવ

તી. ૧૩-૦૭-૨૦૧૭